આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-03-04-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

-----------------------------------------------------------------------

## મિથ વર્સેસ રિયાલિટી માઈક્રોસાઈટ પ્રારંભ

કેન્દ્રીય ચૂંટણીપંચે આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ કરી છે. આ મંચ ચૂંટણીપંચની અધિકૃત વેબસાઇટ દ્વારા લોકો માટે ઉપલબ્ધ છે.

ચૂંટણીપંચની યાદીમાં જણાવ્યું હતું કે, આ મંચનો ઉપયોગ માહિતીની ચકાસણી કરવા, ખોટી માહિતીનો ફેલાવો અટકાવવા, ગેરમાન્યતાઓને દૂર કરવા અને સાચી માહિતી વિશે માહિતગાર રહેવા માટે કરી શકાય છે.

નેશનલ ન્યુઝ

-----------------------------------------------------------------------

## સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ

કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે દેશની ઉત્તર સરહદે ઉભી થયેલી પરિસ્થિતિ હળવી બનાવવા સેનાના જવાનો પોતાના મૂળસ્થાને પાછા ફરે એ જરૂરી છે. જો કે આપણી સેનાના જવાનો સજ્જ છે અને પરિસ્થિતિનો વાતચીત દ્વારા ઉકેલ મેળવવાના પ્રયાસો ચાલુ રહેશે. તેઓ ગઈકાલે દિલ્હીમાં યોજાયેલી સેનાના કમાન્ડરોની પરિષદને સંબોધી રહ્યા હતા. તેમણે દેશની પશ્ચિમ સરહદે સેનાના જવાનોએ કરેલી કામગીરીને બિરદાવી હતી.

શ્રી સિંહે કહ્યું કે સેનાના જવાનો સરહદોનું રક્ષણ કરવાની સાથે સાથે આતંકવાદ સામેની લડાઇમાં અને તાકીદની પરિસ્થિતિમાં વહીવટીતંત્રને મદદરૂપ થવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આ બેઠકમાં દેશની સરહદે સલામતીની હાલની પરિસ્થિતિની સર્વાંગી વિચારણા કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## FSSAI ઠંડાપીણા અને ખાદ્યચીજો માટે નિર્દેશ

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ FSSAIએ ઇ-કોમર્સ વેબસાઇટની મદદથી ઠંડા પીણા અને ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં એકમોને પોતાના ઉત્પાદનોને યોગ્ય શ્રેણીમાં મૂકવા નિર્દેશ આપ્યો છે. ડેરી ઉદ્યોગ અને અનાજ આધારિત ઠંડા પીણાના ઉત્પાદકો પોતાના ઉત્પાદનો આરોગ્યવર્ધક પીણાની શ્રેણીમાં મૂકીને વેચાણ કરતાં હોવાનું FSSAIના ધ્યાનમાં આવ્યું હોવાથી આવા નિર્દેશ અપાયા છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ઇજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઇન અરજી કરવાની કામગીરીનો આરંભ થયો છે. ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ આગામી 15મી મે 2024 સુધી ઓનલાઇન પદ્ધતિથી પ્રવેશ માટે અરજી કરી શકે છે.

વિદ્યાર્થીઓએ તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને અને 350 રૂપિયાની નોન રીફંડેબલ ફી સાથે અરજી કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષ 2024-25ના પ્રવેશ માટે પ્રવેશ સમિતિ દ્વારા હાથ ધરાયેલી ઓનલાઇન પદ્ધતિથી જ વિદ્યાર્થીઓએ અરજી કરવાની રહેશે.

અભ્યાસક્રમમાં પ્રવેશ પદ્ધતિ અને પ્રવેશને લગતી વિવિધ માહીતી વિદ્યાર્થીઓને સત્તાવાર વેબસાઇટ gujacpc.nic.in પરથી મળી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સવારે 8થી રાતના 12 વાગ્યા સુધી ઉપલબ્ધ હેલ્પલાઇન નંબર 079-26566000 પરથી પ્રવેશ પ્રક્રિયા અંગે માહીતી મેળવી શકશે.

**RNU અમદાવાદ**

---

## મતદાન મથક, મત ગણતરી કેન્દ્ર માટે નિવારક પગલાંના હુકમ

લોકસભા સામાન્ય ચૂંટણી 2024ની તારીખો જાહેર થયેલ છે. ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલી છે. ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા મતદાનના દિવસે મતદાન બુથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા હુકમો કરવામાં આવ્યા છે.

મતદાનના દિવસે તારીખ 7 મેના મતદાન મથકમાં કે, મતદાન મથકની 100 મીટરની ત્રિજ્યામાં કોઇ પણ વ્યક્તિ સેલ્યુલર ફોન, વાયરલેસ સેટ વગેરે લઈને જઈ શકશે નહીં. કે, ઉપયોગ કરી શકશે નહીં. વાયરલેસ ડિવાઈસ જેવા કે, બ્લુટુથ, પેન કેમેરા, મોબાઈલ કે, ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણ કે, અન્ય કોઈ પણ ઈલેકટ્રોનિક સાધનો લઈ જઈ શકશે નહી. કોઈ વ્યક્તિ દ્વારા આ નિયમોના ભંગ કરવામાં આવશે તો શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

**N.P**

---

## અબડાસા તાલુકાની ચૂંટણી કામગીરી અંગે સમીક્ષા બેઠક

લોકસભાની સામાન્ય ચૂંટણીને લઇને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાએ આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં પ્રાંત અધિકારીની કચેરીએ ચૂંટણી સંદર્ભે બેઠક યોજી સંબંધિત

અધિકારીઓને વિવિધ સૂચનો કર્યા હતા. લોકસભા ચૂંટણી અંતર્ગત અબડાસા વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં આગામી ચૂંટણીની કામગીરીની ચકાસણી તેમજ આગામી કામગીરીના આયોજન સંદર્ભે કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને અધિક કલેક્ટર સહિત વિવિધ ટીમના જિલ્લા કક્ષાના નોડલ અધિકારીઓએ અબડાસા વિધાનસભા મતદાર વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે બેઠક કરી હતી.

**N.P**

---

## ક્રિકેટ

લખનૌ સુપર જયાંટ્સની ટીમે આઇપીએલની બેંગલુરૂમાં રમાયેલ મેચમાં રોયલ ચેલેન્જર ટીમને 28 રને હરાવી બીજી સફળતા હાંસલ કરી હતી. લખનૌ ટીમે 5 વિકેટ ગુમાવી 181 રન કર્યા હતા. એ સામે બેંગલુરૂની ટીમ 153 રનમાં આઉટ થઈ ગઈ હતી.

પદ્દણીભાઈ

---

RNU BHUJ